# ભિલોડામાં શાકભાજીના ભાવમાં ધરખમ ઉછાળાથી ગૃહિણીઓનું બજેટ ખોરવાયું

ભિલોડા,તા.૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં રાંધણ છઠ્ઠ નિમિત્તે શાકભાજીના ભાવમાં એકાએક ધરખમ ઉછાળો આવતાં ગૃહિણીઓનું બજેટ ખોરવાયું હતું.કંકોડાનો ભાવ રેકોર્ડ બ્રેક જોવા મળ્યો હતો.શાકભાજીના વેપારીઓએ ધોળા દિવસે ઉઘાડી લુંટ ચલાવી હતી.કંકોડાનો એક કિલોનો ભાવ ભાવ ભડકે બળતા હોવાના કારણે ગરીબ વર્ગ આર્થિક મેશ્કેલીમાં મુકાયો છે.ગરીબ મજુરીયાત વર્ગના લોકો દિવસ-રાત કાળી મજુરી કરી માંડ-માંડ પેટીયું રળતા હોય છે.શાકભાજીના ભાવમાં ધરખમ ભાવવધારો આવતા મધ્યમ વર્ગના પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.શાકભાજી માર્કેટમાં ગૃહિણીઓ રીતસરના આટાં-ફેરા મારી ભાવ બાબતે રકઝક કરતી હોય



રૂા.૧૬૦/-થી રૂા.૨૦૦/-સુધી હતો.

શાકભાજીનો ભાવ આસમાને પહોંચતાં ગૃહિણીઓના ઘરનું બજેટ ખોરવાયું છે.શાકભાજીના ભાવોમાં એકાએક ધરખમ ઉછાળો આવતા ગૃહિણીઓ આર્થિક મુંઝવણમાં મુંકાઈ હતી.જાગૃત મહિલાઓએ જણાવ્યું હતું કે શાકભાજીના ભાવોમાં તહેવારો નિમિત્તે ધરખમ ભાવ વધારો જોવા મળી રહ્યો છે.શાકભાજીના ભાવોમાં જંગી ઉછાળો આવતા આ તેજીના ભાવો શાકભાજી પકવતા ખેડુતો માટે નથી પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે હોલસેલ અને રીટેલ વેપારીઓ માટે કૃત્રિમ તેજીના ભાવ શાકભાજી માર્કેટોમાં ગ્રૃહિણીઓને સાંભળવા મળે છે.

કાળઝાળ અસહ્ય મોંઘવારીના જમાનામાં ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજાનોને શું ખાવું અને શું ના ખાવું તેવી સમસ્યા સર્જાઈ છે.શાકભાજીના છે.ગરીબ અને મધ્યમ વર્ગની ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડતી હોય છે.

અમુક બે નંબરીયા વેપારીઓ ધ્વારા શાકભાજીના ઉંચામાં ઉંચા ભાવો ગ્રાહકો પાસેથી વસુલતા હોવાનું જાગૃત ગ્રાહકોએ જણાવ્યુ હતું.શાકભાજી માર્કેટોમાં શાકભાજી વેચતા અમુક બે નંબરીયા વેપારીઓ અને ફેરીયાઓના વજન કાંટા સાચા છે કે ખોટા તે મોટો પ્રાણ પ્રશ્ન સતત ગૃહિણીઓને સતાવતો હોય છે.અમુક શાકભાજી વેચતા બે નંબરીયા વેપારીઓ પથ્થરના બાટ બનાવી ધોળા દિવસે બિન્દાસ્ત વેપાર કરતા હોય છે.વજનમાં ગેરરીતી કરતા હશે તેમ ગૃહિણીઓમાં ચર્ચાય છે.વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા સત્વરે ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી ગૃહિણીઓની પ્રબળ લોકમાંગણી છે.



## માનવ જ માનવને કામ આવે છે આ કહેવત ઇડન ઈંગ્લીશ મીડીયમના વિદ્યાર્થીઓએ સાચી સાબીત કરી બતાવી છે

ગત કેટલાક દિવસોમાં દેશના કેટલાંક રાજ્યોમાં ભીષણ પૂર આવ્યુ અને અનેક પરિવારો બરબાદ થઈ ગયા. કેટલાક લોકોએ પોતાના પરીજનો ગુમાવ્યા તો કેટલાક ઘર વિહોણા થઈ ગયા. પરંતુ પાણીનું રૌદ્ર સ્વરુપ દક્ષિણ ભારતના કેરળમાં જોવા મળ્યું. જયાં રાજયના મોટે ભાગે લોકો પ્રભાવિત થયા. ત્યાંના પૂરગ્રસ્ત લોકો માટે મેઘરજની ઇડન સ્કુલના બાળકોએ ગામમાં તકતી બેનર સાથે ચંદો એકત્રિત કર્યો. જેમાં સૌ ગામજનોએ નાત જાતનો ભેદ ભૂલી મન ખોલીને દાન આપ્યું. આ બાળકોએ સાબિત કરી બતાવ્યું કે ખભેથી ખભો મીલાવીને ચાલવાથી કોઈ પણ મુશ્કેલી સામે જીતી શકાય છે.

## બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં વિદ્યાર્થીઓને આવકારાયા

ગલબાભાઈ નાનજીભાઈ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત બનાસ મેડિકલ કોલેજ એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને માટે સ્વાગત અને પરિચય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને કોલેજ અંગેની પ્રાથમિક માહિતી આપીને અધ્યાપકો સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. હોસ્પિટલ સુપ્રિટેન્ડેન્ટ મનહરભાઈ મહેતાએ કહ્યું હતું કે જયારે કુટુંબમાં બાળકનો જન્મ થાય છે ત્યારે આખું કુટુંબ સાથે સગા સ્નેહીજનોને અનેરો આનંદ થાય છે તે જ પ્રમાણે બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટની ફસ્ટ બેચની શરૂઆત થઈ છે તેનો ખૂબ જ આનંદ છે. તેઓએ મેડિકલ કોલેજના સ્ટુડન્ટ્સને ડોક્ટર કેવો હોવો જોઈએ તેની વાત કરતા કહ્યું હતું કે ડોક્ટર શાંત સ્વભાવ અને માનવતાના ગુણો ધરાવતો અને તેમાં નિરીક્ષણ કરવાની શક્તિ હોવી જોઈએ. દરેક માણસમાં ક્ષમતા હોય છે માત્ર તેને ઓળખવાની જરૂર છે. ડોક્ટરને વિશ્વાસ પ્રાપ્ત કરવાનો છે. જો જીવનમાં વિશ્વાસ પ્રાપ્ત કરી લેશો તો સફળતાના શિખરે પહોંચતા વાર લાગશે નહીં. વિદ્યાર્થીના માતા પિતાને કહ્યું હતું કે તમારા બાળકનું મિત્ર વર્તુળ કેવું છે તેનો ખ્યાલ રાખવો જોઈએ.

# પ્રાંતિજમાં નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ માર્ગ વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો છતાં અંધારપટ

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ એપ્રોચરોડથી રેલ્વેસ્ટેશન રોડ ઉપર પ્રાંતિજના હાર્ડ સમાન નવ કરોડના ખર્ચે તૈયાર થયેલ માર્ગ



વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટો માત્ર શોભાના ગાંઠીયા સમાન લાખ્ખો રૂપિયાના ખર્ચે રોડની વચ્ચે નાખવામાં આવેલ સ્ટ્રીટ લાઈટોમાં હલકી ગુણવત્તાવાળુ મટેરીયલ વાપરાતા બે ફોળા (છાંટા) પડતા જ સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જાય છે તો નગરજનો દ્વારા હલ્કી ગુણવંતાવાળુ મટેરીયલનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવી રાહ ઉઠવા પામી છે.

પ્રાંતિજ ત્રણ રસ્તાથી એપ્રોચરોડ રેલ્વેસ્ટેશન વિસ્તાર સુધીમાં નવ કરોડના ખર્ચે આર.એમ.બી વિભાગ દ્વારા બનાવવામાં આવેલ રોડ વચ્ચે લાખ્ખો રૂપિયાના ખર્ચે સ્ટ્રીટ લાઈટના પોલ નાખવામાં આવ્યા છે. પણ જાણે કયા મુર્હતમાં કે નક્ષત્રમાં નાખવામાં આવેલ આ વિજપોલ સ્ટ્રીટ લાઇટ જયારથી નાખવામાં આવ્યા છે. ચાલું કર્યા

**તો આ અંગે ઇલેક્ટ્રિક વિભાગના અધિકારી ધનશ્યામભાઇને પુછતાં તેવોએ જણાવ્યું કે જીઇબીના ફોલ્ટને લઈને બંધ હતું પણ તે પણ પ્રોબ્લમ હવે દુર થઈ ગયો છે છતાં જો હજુ બંધ હોય તો હું જોવડાવી લઈશુ તો મટેરીયલ અંગે પુછતાં તેવોએ એલીડી કંપનીની તથા કંપનીના નાખ્યાં હોવાનું જણાવ્યું હતું.**

ત્યારથી માંડમાંડ ચાલેને રેલ્વે સ્ટેશન વિસ્તારમાંતો અવારનવાર બંધ થઈ જાય છે. રેલ્વે સ્ટેશન ઉપર તો માત્ર અઠવાડિયું ચાલીને એક બે દિવસે બંધની સમસ્યા ઉભી થાય છે. તો એપ્રોચરોડ ઉપર પણ માત્ર બે ફોરા પડતા જ સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જાય છે જેને લઈને રાત્રીના અવર-જવર કરનાર લોકોને છતાં સ્ટ્રીટ લાઇટે સુવિધાના મળતાં બંધ રહેતાં હાલાકીઓનો સામનો કરવાનો વારો આવ્યો છે. બીજીબાજુ નગરજનો જણાવી રહ્યાં છે કે હલ્કી ગુણવત્તાવાળુ મટેરીયલનો ઉપયોગ કર્યો હોવાથી સ્ટ્રીટલાઈટો અવારનવાર બંધ થઈ જાય છે. ત્યારે હાલ તો લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થયેલ છતા સુવિધાએ નગરજનોને રાત્રીનાં સમયે અંધારામાં અવરજવર કરવી પડે છે. ત્યારે સ્ટ્રીટ લાઇટના વિજ વાયરો તથા ઉપયોગમાં લેવાયેલ મટેરીયેલ સહિતની તપાસ થાય તેવી માંગ હાલ તો ઉઠવા પામી છે.

# ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે પુત્રએ મિલકત માટે પિતાને માર્યા

ખેડબ્રહ્મા,તા. ૧

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામે ચાર સંતાનના પિતાને નાના પુત્ર મિલકતમા ભાગ



માગી માર મારતા પિતાએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના આગિયા ગામના કિશોરસિંહ જવાનસિંહ દેવડા (૬૮) ખેતી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. જેમને સંતાનમાં બે દીકરા અને બે દીકરીઓ છે. શુક્રવાર સવારે કિશોરસિંહ તથા તેમના પત્ની મોટા દીકરા પ્રવિણસિંહના પત્ની અમદાવાદથી ઘરે આવેલ હતા જે શુક્રવારે પરત અમદાવાદ જતા હતા તેમને મૂકવા બસ સ્ટેન્ડ પર ગયેલ હતા. તેમને બસમાં બેસાડી પરત ઘરે આવતા હતા ત્યારે તેમના નાના દીકરા નટવરસિંહના ઘર આગળ આવતા નટવરસિંહે એમને મિલકતમાં ભાગ કેમ નથી આપતા તેમ જણાવતા કિશોરસિંહએ કહેલ કે ભાઈઓને ભાગ પાડી મિલકત આપી દીધેલ છે હવે મારી પાસે કંઈ નથી. જેથી નટવરસિંહ એકદમ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી ગડદા પાટુનો માર મારી નીચે પાડી દઈ હાથમાં પથ્થર લઈને કપાળમાં તથા માથાના ભાગે મારી, પીઠમાં લાતો મારવા લાગેલ જેથી કિશોરસિંહના પત્નીએ બૂમાબૂમ કરતા નજીકમાંથી નીતાબા ભરતસિંહ દેવડા અને અલ્પાબા દીનેશસિંહ દેવડા આવી જતા કિશોરસિંહને છોડાવેલ. આ વખતે નટવર સિંહ જતા જતા કહેલ કે રૂપિયા નહીં આપો તો જીવતા નહિ રહેવા દઉ, જાનથી મારી નાખીશ. આવી ધમકી આપતા કિશોરસિંહે નાના પુત્ર નટવરસિંહ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## ધ્રોઈની સીમમાંથી ખોટો નંબર લગાવેલ દારૂ ભરેલ કાર પકડાઈ

પોશીના તાલુકાના ખેરોજ પોલીસ સ્ટેસનની હદમાં આવેલ ધ્રોઈ ગામની સીમમાંથી પોલીસે આઠ માસ અગાઉ દારૂ ભરેલી એક કારને ઝડપી લીધા બાદ આ કારના ચાલકે કારનું આરટીઓમાં પાસીંગ કરાવ્યા વિના ખોટો નંબર લગાવી તેનો ઉપયોગ કર્યાનું બહાર આવતા પોલીસે કાર તથા દારૂનો જથ્થો કબજે લઈ પાટણ જિલ્લાના મીઠીવાવડી ગામના એક શખ્સ વિરૂદ્ધ બુધવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી હતી.

# મોડાસાના હંગામી બસ સ્ટેન્ડમાં ભયજનક ખાડાથી મુસાફરો ત્રાહિમામ

મોડાસા, તા. ૧

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૪ મહિના અગાઉ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીલ્લાવાસીઓને જુના એસટી ડેપોની જગ્યાએ



આઈકોનિક અત્યાધુનિક એસ.ટી.ડેપો બનાવવાની વિકાસની ભેટ આપી હતી. આઈકોનિક બસ સ્ટેન્ડ નિર્માણ માટે મોડાસા એસટી ડેપોને ચાર રસ્તા સહકારી જીનના મેદાનમાં ખસેડવામાં આવ્યું હતું. હંગામી બસ સ્ટેન્ડમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાની સાથે બસ સ્ટેન્ડમાં બસ અને મુસાફરોના આવન-જાવન માટેના આરસીસી રોડ પર ભયજનક ખાડા પડી જતા મુસાફરોની હાલત કફોડી બની હતી. મુસાફરો દ્વારા તાબડતોડ હંગામી બસ સ્ટેન્ડમાં પડેલ ખાડાઓનું સમારકામ ધરવામાં આવેની માંગ ઉઠી છે.

મોડાસાના હંગામી બસ સ્ટેન્ડમાં ઠેર ઠેર પડેલા ખાડાઓથી મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. બસ સ્ટેન્ડ વિસ્તારમાં પડેલ ખાડાઓમાં વરસાદી પાણી પણ ભરાઈ રહેતા મચ્છરજન્ય રોગચાળો થવાનો ભય મુસાફરો અને એસટી ડેપોના કર્મચારીઓ પર ભય મંડરાઈ રહ્યો છે. હંગામી બસ સ્ટેન્ડમાં પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાની સાથે પડેલા ખાડાઓથી મુસાફરો તોબા પોકારી ઉઠ્યા છે. મુસાફરો દ્વારા બસ સ્ટેન્ડ વિસ્તારમાં પડેલા ખાડાઓ પૂરવાની માંગ સાથે જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

## ધાનેરા તાલુકાનાં સામરવાડા પાસેથી પોલીસે દારૂ કાર ઝડપી

પાલનપુર, તા. ૧

બનાસકાંઠા જિલ્લા પોલીસ પ્રદિપ સેજુલ સાહેબની સુચના તથા એ.એચ.ચૌધરી નાયબ થરાદ તથા આર કે પાઠક પી.આઇ ધાનેરાનાં માર્ગદર્શન મુજબ દારૂ નાં કેશો શોધી કાઢવા માટે કડક સુચના કરેલ હોઈ જે આધારે એન. સી. ચૌહાણ તથા ભેમજીભાઇ ધનરાજભાઇ તથા જબ્બરસિંહ તથા ધનરાજભાઇ ગણેશભાઇ વગેરે પો.સ્ટાફ ના માણસો સાથે સામરવાડા ગામ પાસેથી બાતમીના આધારે નાકાબંધી કરી ટોયોટા કોરોલા ગાડી નં. જીજે-૦૧-એચ એલ ૮૧૮૧માંથી ભારતીય બનાવટી વીદેશી દારૂ ની પેટી નં-૧૪ કુલ બોટલ નંગ-૧૬૮ કિ.રૂ.૬૭,૨૦૦ તથા ટોયોટા કોરોલા ગાડી નં ૮૧૮૧ કિ.રૂ.૧,૦૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ ૧,૬૭,૨૦૦ નો કબજે કરેલ છે તથા ગાડી ચાલક અર્જુનસિંહ પદમસિંહ રાઠોડ રહે. વિશનસિંહની ઢાણી રાણીવાવ તા.જી બાડમેર(રાજસ્થાન)તથા બાજુમાં બેઠેલ તેજસિંહ આયદાનસિંહ રાઠોડ રહે.કોહરા તા ફતેગઢ જી. જેસલમેર (રાજસ્થાન)વાળા ને પકડી તેમના વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## તખતપુર બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા ઈન્ટર્નશીપ કાર્યક્રમ પૂર્ણ

તખતપુર બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા સતત બે મહિનાથી વિવિધ શાળાઓમાં જી શૈક્ષણિક કાર્ય ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. અને છેલ્લા દિવસે ભાવવિભોર થયા હતા. એમાં મોડલ સ્કૂલ જેસીંગપુરમાં તા. ૩૦-૮-૨૦૧૮ના દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એમાં બી.એડ.ના અધ્યાપક ભાવેશભાઈ પાટીલ, મોડલ સ્કૂલના આચાર્ય અલકાબેનિ તથા સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.



# વિજયનગર પોળો ખાતે 'ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પર પરિસંવાદ યોજાયો

## પત્રકારત્વ લખાણને કાયમી ચિરંજીવી કરવાનું કામ કરે છે : પુલક ત્રિવેદી, : પત્રકારે સજ્જતા કેળવવી જરૂરી છે : કેતન ત્રિવેદી

ગુજરાત રાજય પ્રેસ અકાદમી, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરી, સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે વિજયનગરના અભાપુરના પોળો ફોરેસ્ટ હોટેલ અને ટ્રી-હાઉસ ખાતે પરીસંવાદ યોજાયો હતો.

'ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ' વિષય પર યોજાયેલ પરિસંવાદના અધ્યક્ષ સ્થાનેથી પ્રવચન કરતા ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ અને સંયુક્ત માહિતી નિયામક શ્રી પુલકભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આજના ઝડપી યુગમાં મિડીયાએ સજ્જતા કેળવવી જરૂરી છે. ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ બંને અલગ હોઈ જ ન શકે કેમકે આ માધ્યમો લાગણી અને સંવેદના વ્યકત કરવાનું કામ કરે છે. પત્રકારત્વએ નજરે જોયેલુ અને આજનું સત્ય ઉજાગર કરવાનું કામ કરે છે. તેમણે જાપાનના તોતો ચાન પુસ્તકનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, માત્ર એક સમાચારના માધ્યમથી પ્રકાશિત થયેલ વાત આજે એક પુસ્તક સ્વરૂપે પ્રગટ થઇ છે જેને શિક્ષણવિદો બાઈબલના ગ્રંથ સમાન માને છે. એક સમાચારની એટલી તાકાત હોય છે કે જે લોકોના માનસપટ પર કાયમી અંકિત થઇ જાય છે. પત્રકારત્વમાં એક સાહિત્યકાર સમાયેલો હોય છે. પત્રકારત્વ એક એવો વ્યવસાય છે જે સમયની સાથે પોતાની જાતને સુધરવાની તક આપે છે. પત્રકાર દ્વારા લખાયેલી કોઇ પણ વાત પ્રેરણાદાયી હોય છે.

વધુમાં શ્રી પુલકભાઇ ત્રિવેદીએ ઉમેર્યુ હતું કે, મિડીયામાં એકશન અને રિએકશનની થિયરી હોય છે. સાહિત્ય એ અનુભવ આધારીત હોય છે જયારે પત્રકારત્વએ નજરે જોયેલુ અને સમયસર







પંહોચાડવાનું કામ કરે છે એના જેના થકી લખાયેલુ લખાણ કાયમી ચિરંજીવી બને છે.

તેમણે લોકો સાથે કઇ રીતે જોડાયેલા રહી શકાય તેની સરસ વાત કરતા ઉમેર્યુ હતું કે, કોઇ ગરીબ માણસને મળેલા ઘરની સહાય તેના જીવનમાં અજવાળુ પાથરવાનું કામ કરે છે જે પત્રકારત્વથીજ શક્ય બને છે. તેમણે કલમની તાકાતને હકિકત આધારીત સમાચારની દિશામાં વાળવા અનુરોધ કર્યો હતો.

પરીસંવાદના વક્તા અને ચિત્રલેખાના કટાર લેખક શ્રી કેતનભાઇ ત્રિવેદીએ સાહિત્યકાર અને પત્રકારત્વ વચ્ચે પાતળી ભેદરેખા હોવાનું જણાવી ઉમેર્યુ હતું કે, પત્રકારે શબ્દોની મર્યાદામાં રહેવાનું હોય છે. જયારે સાહિત્યકાર માટે આ કોઇ બંધન હોતુ નથી. પત્રકારત્વ એ ઉતાવળે રચાયેલુ સાહિત્ય છે. પત્રકાર એ કર્મ પ્રધાન હોય છે જયારે સાહિત્યકાર એ ઉર્મિ પ્રધાન હોય છે. સાહિત્યકારની એક ચોક્કસ શૈલી અને વાચક વર્ગ હોય છે જયારે પત્રકારત્વએ સર્વ જન હિતાયની વાત કરવાની હોય ત્યારે સજ્જતા કેળવવી જરૂરી છે.

સાહિત્યકારની વાતમાં ગામડાના પાળીયા, મંદિર અને શૂરવીરતાની વાતો હોય છે જયારે ગ્રામ્ય સંસ્કૃતિને ઉજાગર કરવાનું કામ એક પત્રકાર કરે છે એમ જણાવતા સાહિત્યકાર નટવર હેડાઉએ ઉમેર્યુ હતું કે, પત્રકારત્વએ નવી પ્રેરણા અને ઉર્જા આપવાનું કામ કરે છે.

સાબરકાંઠા નાયબ માહિતી નિયામક શ્રી એચ.સી.ઉપાધ્યાયે સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી મહેમાનોને સ્વાગત આવકાર આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી મદદનીશ હરીશ પરમારે કર્યુ હતું. પરીસંવાદને સફળ બનાવવા માહિતી કચેરીના સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. પરીસંવાદમાં પ્રિન્ટ-ઈલેકટ્રોનિક મિડીયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.